# પ્રકરણ : ૩

## हर्षदेवमाधवस्य काव्यग्रन्थानां परिचय, साहित्यिक मूल्याङ्कनच्च:

## <u>શ્રી હર્ષદેવ માધવના : પ્રમુખ કાવ્યગ્રંથોનો પરિચય અને</u>

## : <u>સાહિત્ય મૂલ્યાંકન</u> :

<u>પ્રસ્તાવના</u> :

नव्य संवेदनैः काव्यैर्वचोभङ्गि समन्वितैः ।

हर्षदो वागधिष्ठात्र्या हर्षदेवो न संशयः ॥

'अभिराज' राजेन्द्र मिश्रः

કવિ ડૉ. 'અભિરાજ' રાજેન્દ્ર મિશ્ર હર્ષદેવ માધવને ''વાગ્દેવતાનાં હર્ષદાયક અધિષ્ઠાતા'' તરીકે ઓળખાવે છે. હર્ષદેવ પરંપરા છોડીને સતત નવીન સર્જન કરવામાં અગ્રિમ છે. આથી જગન્નાથ પાઠકે તેમને 'ક્રાંતિકારી કવિ' કહ્યા છે. ડૉ. ગૌતમ પટેલ તેમના નામની શાબ્દિક વ્યુત્પતિ हर्षेण दीव्यति इति એવી કરીને दिव् ધાતુના બધા જ અર્થો એના ચરિત્રમાં ચરિતાર્થ થતાં જુએ છે.

ડૉ. હર્ષદેવ માધવ પોતાના સર્જનકાર્ય દ્વારા કલમના જીવ અને સહૃદયી માનવ તરીકેની સ્પષ્ટ ઓળખ ઊભી કરી શક્યા છે. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી આ ભાષા ચતુષ્ટય વડે તેઓ પોતાના ભાવ વિશ્વને કાવ્યાત્મક અભિવ્યક્તિ આપે છે. સંસ્કૃત સાહિત્યમાં રાષ્ટ્રીય કક્ષાએ તેઓ પોતાની કાવ્યશૈલી માટે પ્રસિદ્ધિ પામ્યા છે જે તેમની નોંધપાત્ર સિદ્ધિ છે.

1986 માં સાગર યુનિ.ના ડો. રાધાવલ્લભ ત્રિપાઠીએ સંસ્કૃતના અખિલ ભારતીય 16 મુખ્ય કવિઓમાં શ્રી હર્ષદેવને 'ષોડશી' સંચયમાં સ્થાન આપ્યું છે. આ રીતે

યુવાવસ્થામાં જ અખિલ ભારતીય આધુનિક સંસ્કૃત કવિઓમાં પોતાનું નામ કરનાર ડૉ. હર્ષદેવ માધવ આધુનિક સંસ્કૃત સાહિત્યના તેજસ્વી તારક સમાન છે.

સંસ્કૃત સાહિત્યના અભ્યાસી વિવેચકોએ હર્ષદેવની કવિતાનું વિશ્લેષણ કરતાં નોંધ લીધી છે કે –

"Name of some of the eminent multilingual poets with creative writings in sanskrit to their credit are such as Maharshi Aurobindo Kumar Bhattacharya ..... and Harshdeva Madhava".(1)

આમ, કવિનું ભાવવિશ્વ અત્યંત વિશાળ છે તેઓ જેટલી સહેલાઈથી નગર વિશે લખી શકે છે તેટલી જ સહેલાઈથી નગરમાં ખોવાઈ જતાં હાથ વિશે પણ લખી શકે છે. સંસ્કૃત કાવ્યમાં આ આધુનિક અભિગમ તદ્દન નવો છે. વર્તમાન માનવજીવનની વિષમતાઓ અંગેનો સંવેદનો હર્ષદેવ માધવના કાવ્યોમાં જોવા મળે છે.

## : प्रमुख काव्यग्रन्थानां साहित्यिक मूल्याङ्कन :

## : પ્રમુખ કાવ્યગ્રંથોનું સાહિત્યિક મૂલ્યાંકન :

### (1) रथ्यासु जम्बूवर्णानाम् शिराणाम् :

ડૉ. હર્ષદેવ માધવનો આ પ્રથમ કવ્યસંગ્રહ છે. તેમના આ કાવ્યસંગ્રહ વિશે કહેવાયું છે કે – પોતાની કવિતામાં હર્ષદેવે સંસ્કૃત ભાષા સિવાય પરંપરામાંથી કશું જાળવ્યું નથી. એના કાવ્યસ્વરૂપો, કલ્પનો, વિષયો બધામાં નવીનતા છે. તેના શિર્ષક 'रभ्यासु जम्बूवर्णानाम् शिराणाम्' માં પણ નાવીન્ય છે. આ કાવ્યસંગ્રહની પ્રસ્તાવના સંસ્કૃત સેવા સમિતિના તત્કાલીન અધ્યક્ષ ડૉ. ગૌતમ પટેલે લખી છે.

વિશ્વસાહિત્યનું વાચન અને કવિના વિચારો સમ્મિલિત બનીને આ કાવ્યસંગ્રહનું સ્વરૂપ ધારણ કરે છે. શિરાઓને માટે ગલીઓનું કલ્પન અને जम्बूवर्ण દ્વારા થાકેલા રક્તનો ધ્વનિ વિષાદના ભાવની વ્યંજના વ્યક્ત કરે છે. કાવ્યના સ્વરૂપમાં કાવ્ય પરંપરાનું અનુસરણ નથી. તેમજ સંગ્રહની એકપણ કવિતા વર્ણમેળ કે માત્રામેળ છંદોમાં આપેલી નથી. આ કાવ્યસંગ્રહમાં કુલ 47 કાવ્યરચનાઓ છે જેમાંથી 37 થી 44 એમ કુલ 8 કાવ્યો निष्क्रान्ताः સર્વેમાં સ્થાન પામ્યા છે. સ્વરૂપની દષ્ટિએ આ કાવ્યો ચાર પ્રકારના છે. અછાંદસ, ગઝલો, ગીતો અને કલ્પન કાવ્યો, અછાંદસ અને કલ્પન કાવ્યોમાં કલ્પનનું નાવીન્ય આકર્ષક છે.

આ કાવ્યસંગ્રહની પ્રત્યેક કવિતા ભામહ, દંડી, રૂદ્રટ કે વિશ્વનાથની કાવ્ય વિભાવનાથી અલિપ્ત છે. અમાનવીકરણ, યાંત્રિકીકરણ, વિસંગતિ અને અસ્મિતાનો લોપ આદિ ભાવોથી ત્રસ્ત આ કાવ્યનાયક નિરાશાજનક કરૂણ નિયતિનો ભાવ હર્ષદેવ ઊંટના પ્રતીક દ્વારા સમજાવે છે.

उष्ट्रस्य जीवनरेखा रणम् ।

उष्ट्रस्य लग्नस्थाने सूर्यातपः ।

उष्ट्रस्य अष्टमे स्थाने मृगतृषा ।

उष्ट्रस्य षष्ठीलेखे विधात्रा लिखिताः खर्जुरबर्बुरथुवराः ।

અહીં ઊંટએ શોષિત વ્યક્તિનું પ્રતીક છે. જે માનવીનું અનાત્મીકરણ સૂચવે છે. હર્ષદેવ કવિતાઓમાં અલગ–અલગ પ્રતીકો દ્વારા આધુનિક ખાલીપણાથી ભરેલ વિ. નાયક (Anti-Hero) નું ચિત્રણ કરે છે.

दीपपञ्चाशिका નામના 47 માં કાવ્યમાં કવિએ દ્વીપને લગતી 60 ઈમેજ રજૂ કરી છે. જે कणक्या क्षिप्तं माणिक्यनुपुरम् કાવ્યસંગ્રહના 37 માં કાવ્યમાં ફરીવાર છાપવામાં આવ્યું છે.

हिपोपोटेमसत्वक्समा द्वीपस्य कूमिः ।
तस्या उपरि प्रणष्टभर्तृदारिकासमा
नगरपुष्पनयना चन्द्रिका भ्रमति ... ।

આ પ્રકારની allusive રચનાશૈલી સંસ્કૃત કવિતામાં વૈશ્વિક સંદર્ભો આણે છે. चोपाई, टयूबलाइट, झाबे, झबेला, उग्वीसु, मस्जिद, कब्र જેવા કેટલાય શબ્દો કાવ્યમાં વિશ્વસંદર્ભના નિદર્શક બની રહે છે.

उष्ट्र કાવ્યમાં કવિએ 'ઊંટ' ને વૃદ્ધત્વના પ્રતીક તરીકે રજૂ કર્યું છે. માનવી પોતાની દોડધામભરી જીંદગીમાં એકધારો દોડતો જ રહે છે. 'આ મેળવ્યું આટલું મેળવીશ, આટલું મેળવવાનું બાકી છે. એમાં મનુષ્ય જીંદગીભર ઊંટની જેમ દોડતો જ રહે છે પરંતુ જ્યારે તે યુવાની ખોઈને વૃદ્ધત્વને ભેટે છે ત્યારે તેનો ભ્રમ ભાંગી જાય છે. વૃદ્ધ વ્યક્તિએ જીંદગીભરની મહેનતથી જે મેળવ્યું હોય છે તે બધું સંતાનો વાપરે છે અને પોતે પરવશ બની જાય છે. રણની જેમ સંસારમાં પણ અનેક મુશ્કેલીઓ હોય છે. રણ પાર કરી ઊંટ જેમ સુતું છે તેમ વૃદ્ધ વ્યક્તિ છેલ્લે થાકી હારીને ઘરમાં એકબાજુ સુતો રહે છે. આમ વિશ્વસાહિત્યનું વાચન અને કવિના વિચારો ભેગા મળીને આ કાવ્યસંગ્રહનું સ્વરૂપ ધારણ કરે છે.

સ્થળ વિશેનાં કાવ્યો જેવાં કે 'ટેમ્સનદી, ચેરાપુંજી, મહાબલિપુરમ, જોગનો ધોધ, કાલીઘાટ, મિસ્રપ્રદેશમાં જાપાન દેશમાં, ટાંઝાનિયાના વનમાં વગેરે કાવ્યો વિશેષ ધ્યાનાકર્ષક બને છે. ઉપરાંત વિચાર–વિશેષના કાવ્યો, મૃત્યુ, ઈશ્વર વર્ષા, સમુહ વગેરે પણ એટલા જ મહત્વપૂર્ણ છે.

"मैनाको निवसति समुद्रे

किन्तु

कदा बहिरागच्छेद यद् वयं पृच्छेम

समुद्रस्य स्वरूपम् ?"

ડૉ. રાજેન્દ્ર નાણાવટી આ સંગ્રહની કવિતા વિશે કહે છે કે – "The modern sensibility revealed in the spirit and execution of the poems of Rathyasu thus becomes a unique future of contemporary sanskrit poetry."(2)

**(2) <u>अलकनन्दा</u> :**

પ્રસ્તુત કાવ્યસંગ્રહમાં કુલ 30 કાવ્યરચનાઓ છે. મુખ્યત્વે ‘અલકનંદા’ નામની કાવ્ય નાયિકાને તે સંબોધાયેલી છે. આ કાવ્યસંગ્રહમાં જોવા મળતું વિષય વૈવિધ્ય વિશાળ છે. એકમેવ અદ્વિતીય ભાવ, રણથી માંડીને સાગર તેમજ ભૂતથી માંડીને ભગવાન સુધીના પ્રણયનું અહીં નિરૂપણ છે. સંપૂર્ણ આધુનિક આ કાવ્ય સંગ્રહમાં પાર્વતી, મન્સૂર, કાદમ્બરી, જ્યુપિટર, લીડા, ડેક્યુલ રાજવી અનેક પુરાકલ્પનોનો પ્રયોગ છે. ‘आतंकवाद’ કાવ્યમાં આતંકવાદની કડક આલોચના કરવામાં આવી છે.

आतंकवादस्या वात्यासारः प्रयतते ।
अप्यस्ति तव समीपे
तं निरोद्धुं हस्तः ?

આ કાવ્યમાં કવિએ પ્રતિકાર કરવાની વૃત્તિ દર્શાવી છે. કવિએ આતંકવાદની નિંદા કરી છે.

મોટાભાગના કાવ્યો કવિએ ‘अलकनन्दा’ ને ઉદ્દેશીને લખ્યા છે. ‘ અલકનંદા’ નો શબ્દકોશમાં અર્થ મળે છે, ‘‘હિમાલયમાંથી વહેતી ગંગાની ધારા’’ પરંતુ અહીં કવિએ તેને પ્રેયસીપદે સ્થાપી છે.

આમ, અલકનંદાનો રજૂ થયેલો ભાવ પારંપરિક વિરહવ્યથા અને વિપ્રલંભથી અલગ છે હર્ષદેવ પણ પોતાના ‘અલકનંદા’ સાથેના સંબોધન ભાવો ખુલ્લા હૃદયે વ્યક્ત કરે છે.

अलकनन्दे कुत्र त्वमसि ?

मम रेडियो तरङ्गदीर्धतायाः

प्रत्युत्तरो नास्ति

प्रेम्णो गणकयन्त्रे

किं ते मनोऽस्ति

एष्टीमैटरनिर्मितम् ?

**હર્ષદેવ સૌંદર્યપ્રેમી કવિ છે પરંતુ તેમના કાવ્યોનો સૌંદયબોધ કમળ, ચાતક, કિસલય, મલયાનિલ વગેરે પ્રતીકોને બદલે નવાં જ પ્રતીકોથી વ્યક્ત થાય છે.**

अलकनन्दे

मयि स्पन्दते विषुवियसलावारसः

त्वयि

वेनिसनगरजलम् ।

**કવિ પોતાને આવેલા સ્વપ્નની પ્રતિક્રિયા પોતાની પ્રેયસી અલકનંદામાં પડવી જોઈએ એવુ માને છે જુઓ,**

मया ह्यः स्वप्ने दृष्टं यत्

मया वनवासः प्राप्तः।

अलकनन्दे ... ! अपि त्वया

दक्षिणाक्षिस्फूरणमनु भूतम् ?

ઉપરાંત

अवकाशसंस्था अवकाशसंस्था 'नासा' अपि न जानाति
एकाकिनः शून्यावकाशम् ।

**આ કાવ્ય સંગ્રહમાં યુરોપ, ભારતીય અને વૈશ્વિક ભૂગોળનું આલેખન સંદર્ભો દ્વારા જોવા મળે છે. 'અભિરાજ' રાજેન્દ્ર મિશ્ર લખે છે : –** 'सर्वेऽपि बन्धा नवाः । सर्वा अभिव्यक्तोदपि नवनवाः । समुतलसति प्रतिकवितं प्रतिभासमुन्मेषः ।

**'અલકનંદ' પ્રત્યેના સંબોધન ભાવો કવિના મનોજગતને સ્પષ્ટ કરે છે. કવિ જે વર્ણનો કરે છે ત્યાં આશા છે, વિશિષ્ટતા છે, ભિન્નતા છે છતાં પણ તેની ભાષાશૈલી ભાવવાહી છે[3] આ સંગ્રહ વિશે કહેવાયું છે કે –**

"कवेरस्य सर्जनात्मिका क्षमता अप्रतिमा विशालश्वेतद्विरचितः साहित्य – संभारः "।

**(3) <u>शब्दानां निर्मक्षिकेषु ध्वंसावशेषेषु</u> :**

**હર્ષદેવ માધવનો આ તૃતીય કાવ્ય સંગ્રહ છે. મહાકાવ્યની કક્ષાનાં આ કાવ્યસંગ્રહમાં 50 જેટલા કાવ્યો છે. 'શબ્દોનાં નિર્જન ખંડેરોમાં' એવા શીર્ષકવાળા આ કાવ્યસંગ્રહમાં 'ખંડેર' વિષયક કાવ્યો છે. ખંડેરના પ્રતીક દ્વારા કવિએ માનવીના સ્વપ્નો, આદર્શો, લાગણીઓ, કલ્પનાઓ વગેરેના નાશ થતાં સ્વયં મનુષ્ય પણ ખંડેર જેવો બની જાય છે એવું વર્ણન કર્યું છે. ખંડેર ધીમે–ધીમે અસ્તવ્યસ્ત સમાજ, આસ્થાઓ, જીર્ણશીર્ણ, નાશ પામતી સંસ્કૃતિ અને નિરાશા ભરેલું જીવન, ઉષ્મા વગરનો પ્રેમ, યુદ્ધની ભયાનક પરિસ્થિતિ પછી સર્જાતી કરુણ પરિસ્થિતિ, મૃતપ્રાયઃ સંસ્કૃતિ, છળકપટ અને છેલ્લે તેના થકી વિષાદ સહિત જીવાતું જીવન ઘણી બધી બાબતોનું પ્રતીક બને છે.[4]**

ધ્વંસાવશેષ શબ્દ અહીં વારંવાર પ્રતિબિંબિત થાય છે. આ બધાની સાથે ભાષાની ભવ્યતા, સર્જકતા અને ગરિમા પણ ધ્વંસાવશેષ બની જાય છે.

"शब्दानां निर्मक्षिकेषु ध्वसावशेषषु

स्थितोऽस्मि । मम भाषायाः शवमुत्खातुम् ।"

"प्रत्येको नेति शब्दः मम मानसे ईश्वरस्य

युगरातपुरातनं ध्वंसावशेषं सूजति ।"

બધું જ ખંડેરમાં ફેરવાઈ ગયું છે તેનો ચિતાર આપણે વારેવારે કાવ્યસંગ્રહમાં જોઈ શકીએ છીએ.

આધુનિક કવિ ડૉ. રેવા પ્રસાદ દ્વિવેદિ, ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠી આ કાવ્યસંગ્રહની પ્રશંસા કરે છે. ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠી લખે છે –

"अन्धास्ते कवयो येषां पन्थाः क्षुवण्णः परैर्भवत् ।

परेषां तु पदाक्रान्तः पन्थास्ते कविकुञ्जराः ॥"

એટલે કે કવિ કુંજર એવા માધવે પોતાની મૌલિકતા આ સંગ્રહ દ્વારા પુરવાર કરી છે.

19 માં કાવ્યમાં કવિ ઈલિયડ અને ઓડિસીનાં સર્જક મહાકવિ હોમરે પ્રયોજેલી અને તેના નામે પ્રસિદ્ધ થયેલી હોમરની ઉપમા પ્રયોજીને સંસ્કૃત ભાષાને આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તારે છે. હૈમરની વિશિષ્ટતાં મુજબ આ કાવ્યમાં કવિ હર્ષદેવ પણ ઉપમાનનાં સુદીર્ઘ વર્ણન પછી ઉપમેયનો તેની સાથે સાધર્મ્ય પ્રયોગ કરે છે.

खण्डितोडस्ति, मण्डितोस्ति अलङ्कतोडस्ति વગેરે આંતરિક પ્રાસ કવિની રચના સિદ્ધિ દર્શાવે છે. કવિ કહે છે –

निमज्जितोडस्ति

अनिवर्चनीय शान्तिषु ॥

(ખંડેર ડૂબી ગયું છે. ... અનિર્વચનીય શાંન્તિઓમાં ...)

કાવ્યસંગ્રહના 43 માં ક્રમનાં કાવ્યમાં કવિ કહે છે –

कुत्र तु

प्राणा हुतिदानशीला वीराः सन्ति ?

कुत्र तु

चिताग्नि मालिडग्य पतिमनुस्वर्ग सञ्चरन्त्यः

सुन्दर्यः सन्ति ?

નકારાત્મક વલણોથી સમકાલીન સમાજનાં કડવા સત્યની પ્રતીતિ થાય છે. આધુનિક વિશ્વની નિરર્થકતા, નિર્બળતા, ચારિત્ર્યહીનતા, પૃથ્વીની સત્યહીનતા અહીં સૂચવાયા છે. આ કાવ્યસંગ્રહે કવિને પ્રથમ પંક્તિના કવિ તરીકે સ્થાપ્યા છે કારણકે આ સંગ્રહના કેટલાંક કાવ્યોનો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવ્યા છે. ડૉ. હર્ષદેવ માધવ 'પ્રખ્યા' માં જણાવે છે કે, "वर्तमानकविरूपेण संस्कृत भाषायामहं क्षुब्धोऽस्मि, खिन्नोऽस्मि, प्रणष्टोऽस्मि ।

प्राचीन संस्कृते : भव्यता अर्वाचीन सभ्याताया: वेदना च मम काव्यरचनासु प्रवसतः । स्वप्नानां व शब्दानां च निर्मक्षिकेषु ध्वंसावशेषेु प्रभ्रष्टोऽस्मि ।

**(4) मृगया :**

'मृगया' નામના ચતુર્થ કાવ્યસંગ્રહમાં કુલ 20 અછાંદસ કાવ્યો છે. આ કાવ્યસંગ્રહ માટે હર્ષદેવ માધવને કલકત્તાનું સુપ્રસિદ્ધ 'कल्पवल्ली' પારિતોષિક પ્રાપ્ત થયું છે. કવિએ 'मृगया' ના પ્રતીક દ્વારા માનવજીવનની વિષમતાઓનું

આલેખન કર્યું છે. આ કાવ્યસંગ્રહમાં સંસ્કૃત કાવ્યોનો ગુજરાતી અનુવાદ પણ અપાયેલ હોવાથી સરળતાથી સમજી શકાય છે. 'मृगया' વિશે જયાનંદ દવે કહે છે કે ''20 લઘુકાવ્યોની આ પુસ્તિકામાં કવિની ઊંચી સર્જનશક્તિના દર્શન થાય છે.''(5)

કવિએ અહીં 'मृग' ના પ્રતીક દ્વારા આધુનિક યુગના માનવીની મનઃસ્થિતિનું વર્ણન કર્યું છે. આધુનિક માનવી સતત ભય, ચિંતા અને તણાવમાં રહે છે તેને બધું પ્રાપ્ત કરવું છે, સર્વોચ્ચ સ્થાન મેળવવું છે પરંતુ જ્યારે તે આ બધાથી થાકીને પોતાની અંતરાત્માને જુએ છે ત્યારે તેને સમજાય છે કે તે જીવન નથી જીવતો પરંતુ 'ભય' ને જીવે છે.

'नगरे' નામના કાવ્યમાં હર્ષદેવે સુંદર કટાક્ષ કર્યો છે. કવિ કહે છે કે :

रामायणकाले

राक्षसा वने निवसन्ति स्म ।

એટલે કે રામાયણ કાળમાં રાક્ષસો વનમાં રહેતા હતા તે સમયે સત્‌યુગ હતો અને માનવો નગરમાં રહેતા હતા. પરંતુ શહેરીકરણની દોટમાં જંગલોનો નાશ થતાં રાક્ષસો નગરમાં આવી ગયા છે.

'आख्यायिका' નામના કાવ્યમાં કવિએ આપણે સૌએ નાનપણમાં સાંભળેલી વાર્તા અલાઉદ્દીન અને તેના જાદુઈ ચિરાગની વાર્તાનો પ્રતીક તરીકે ઉપયોગ કર્યો છે. અલાઉદ્દીન એટલે ભ્રષ્ટ રાજનેતા અને જીન એટલે ગરીબ – અભણ પ્રજા. અહીં ભ્રષ્ટ રાજનીતિ વિષયક ચર્ચા કરવામાં આવી છે. 'भूकम्प्योत्तरम्' એક અછાંદસ કાવ્ય છે. અહીં કવિએ પ્રાકૃતિક પ્રતીક પ્રયોજ્યું છે. કવિ કહે છે કે ધરતીકંપ વખતે જેમ ધરતી (જમીન) માં તિરાડ પડી એમ મારા

હૃદયમાં પણ તિરાડો પડી છે. ભૂકંપમાં વિશાળ બિલ્ડીંગ, મકાનો વગેરે જમીનદોસ્ત થઈ ગયા તેમ મારી ધીરજ પણ પૂરી થઈ ગઈ છે.

मम धैर्यशृंगाण्यपि

मृत्तिकागर्भे निमग्नानि ।

मम मनोऽपि

खण्डशः भूत्वा नष्टम् ।

'मानचित्रपूरण प्रश्नः' કાવ્યમાં કવિએ ભારતના નકશામાં સાંપ્રદાયિક સદ્‌ભાવ, પ્રામાણિકતા, નેતાઓનું વચનપાલન, ભ્રષ્ટાચાર રહિતપણું વગેરે વસ્તુ બતાવવાનું કરીને અનેક ગંભીર પ્રશ્નો આપણી સમક્ષ રજૂ કર્યા છે. 'हस्ताः' કાવ્યમાં કવિએ મુંબઈ નગરીનું વર્ણન કર્યું છે. મુંબઈના લોકોનું જીવન દોડધામ ભર્યું હોય છે. તેઓનું અડધું અડધ જીવન ટ્રેનમાં જ પસાર થાય છે. કવિએ સમગ્ર કાવ્યમાં હાથને કેન્દ્રમાં રાખ્યો છે.

આ કાવ્યમાં કવિએ દિશા, અસ્તિત્વ ગ્રહણ, રાવણ રાજ્ય, અનપત્યતા, હેમંત વગેરે પરિબળો વિષયવસ્તુ રૂપે નિરૂપ્યા છે. તદુપરાંત भूकम्पेकतरम्, मानचित्र पूरण प्रश्नः आख्यायिका, मृगत्व વગેરે રચનાઓમાં રાષ્ટ્રીય અને સામાજિક ચેતનાનું આલેખન છે.

ડૉ. 'અભિરાજ' રાજેન્દ્ર મિશ્ર' 'मृगया' વિશે કહે છે કે –

विंशतिमितानि नव्यभावसंवेदनशालीनि काव्यानि संकलितानि मृगयायाम् । सर्वाण्यपि काव्यानि कवेश्चिन्तनस्य वैलक्षव्यं प्रस्तुवन्ति । वस्तुतः आभिः कविताभिर्नव्यप्रस्थानपोषणकरीभिः संस्कृतभारती साम्प्रतिकी महीयते ।

‘મૃગયા’ નો સમગ્ર નિષકર્ષ તારવતાં ડૉ. રીતા ત્રિવેદી લખે છે : – ‘‘ડૉ. હર્ષદેવ માધવ પરંપરામાં વિશ્વાસ ધરાવતાં નથી એમની વિચારસરણીમાં નાવીન્ય છે વિશ્વ સાહિત્યના આધુનિકતાવાદી લક્ષણોના પ્રયોગો તેમણે પોતાના કાવ્યોમાં કર્યા છે.’’(6)

**(5) लावारसदिग्धाः स्वप्नमयाः पर्वता :**

આ કાવ્યસંગ્રહ ડૉ. હર્ષદેવ માધવની અભિનવ પ્રયોગશીલતાને પ્રતિબિંબિત કરે છે. સંસ્કૃત કવિતા ક્ષેત્રે કવિનું આ તદ્દન મૌલિક અને નવું જ પ્રદાન છે. આ કાવ્યસંગ્રહ ત્રણ વિભાગોમાં વહેંચાયેલો છે.

(1) હાઈકુ જેમાં 201 હાઈકુ છે.

(2) તાન્કા કાવ્યો જેમાં 86 તાન્કા છે.

(3) સીજો કાવ્યો જેમાં 50 કાવ્યો છે.

હાઈકુના ત્રણ પંક્તિના નાનકડા કાવ્યને કવિ ‘બીલીપત્ર’ એવું સુંદર નામ આપે છે.

“बिल्व–पत्राणि
त्रिपंक्तिपल्लवानि
गृहाणेमानि ॥”

હર્ષદેવ માધવના હાઈકુ કાવ્યમાં કટાક્ષની સાથે–સાથે ચમત્કૃતિ પણ જોવા મળે છે. જેમ કે–

“ध्यानं कुर्वन्ति
बकाः नदीनीरेऽस्मिन्
नवयोगिनः ॥”

અહીં ફક્ત બગલાનું વર્ણન નથી પરંતુ સાથે–સાથે 'મુખ મે રામ બગલ મેં છૂરી' એવા દુરાત્મા બગભક્તો તરફ કટાક્ષ પણ છે.

શ્રેષ્ઠ કલ્પનો નવા પ્રતિકોનો ઉપયોગ અને વિષય વૈવિઘ્ય આ સંગ્રહની નોંધનીય બાબતો છે.

(1) शुकरूपेण
वृक्षात्मा पलायते
तक्षकं दृष्ट्वा ॥

(2) निशीथे सिंह –
नादः सुप्ता जागर्ति
राष्ट्रचेतना ॥

ડૉ. હર્ષદેવ માધવની સાહિત્યિક સિદ્ધિની પ્રશસ્તિમાં ડૉ. ઈચ્છારામ દ્વિવેદી હાઈકુ લખે છે.

"हर्षदेवो हि
माधवः। खलु कोऽन्य –
स्तं विना लोके ॥"

જશવંતી દવે હર્ષદેવના સીજો કાવ્યો વિશે કહે છે કે : ''વિદેશી ભાષામાંથી આપણે ત્યાં અન્ય કાવ્યપ્રકારો આવ્યા છે પણ હર્ષદેવે આધુનિક સંસ્કૃતમાં સીજો કાવ્ય રચવાની પહેલ કરી છે તે આનંદની વાત છે જો કે તેમણે સિજોના સામાન્ય સ્વરૂપને સ્વીકાર્યું છે. છતાં તેમાં થોડા ફેરફાર કર્યાં છે. 15 અક્ષરની ત્રણ પંક્તિના કાવ્યમાં વિષયનો ઉઘાડ, બીજીમાં એનો વિકાસ અને ત્રીજીમાં ચમત્કૃતિ એવો ક્રમ જોવા મળે છે. ગીત અને ગઝલના લય પણ મિશ્ર કર્યાં છે. એમાં યુદ્ધની, સ્વતંત્રતાની કે તાત્ત્વિક અનુભવની વાત છે. તો આશ્રમના શાંત દશ્યનું આલેખન

પણ છે. એક નૂતન પ્રયોગ તરીકે સંસ્કૃતમાં સીજો કાવ્યની રચના આવકાર્ય છે. ભવિષ્યમાં આવા અનેક પ્રયોગો રજૂ કરે એવી અપેક્ષા સાથે કવિને અભિનંદન.''(7)

આમ, સંસ્કૃત ભાષા દેવભાષા કે કર્મકાંડની ભાષા નથી તે અત્યારે પણ લોકભાષા છે એ વાતના પ્રત્યક્ષ પ્રમાણરૂપ હર્ષદેવનોવ આ નૂતન પ્રયોગ છે. ડૉ. ઈલાઘોષ હાઈકુને બિરદાવતા કહે છે કે :

"There are liveliness of new are reflection of Indian soul meaningfulness and poetic beauty of new in his new creations."

**(6) बृहन्नला :**

'बृहन्नला' એ વિશેષ પ્રકારનું કાવ્યસ્વરૂપ છે તે 7 સર્ગોમાં વિભાજીત હોવા છતાં તેને મહાકાવ્ય (epic) ને બદલે મહાકાવ્યખંડ (Episode) નામ આપ્યું છે. આ મહાકાવ્યખંડનું પ્રકાશન 15 જાન્યુઆરી 1995 માં 'अर्वाचीन संस्कृतम्' અંકમાં થયું. ત્યારબાદ निष्क्रान्ताः सर्वे (1997) માં પણ છેલ્લા ભાગમાં છપાયેલું છે. કાવ્યમાં છંદના ખંડો અને અછાંદસ એમ બે પ્રકારે નિરૂપણ છે. અર્જુનની સળંગ સ્વગતોક્તિ આ કાવ્યમાં રજૂ થઈ છે. તેથી દીર્ઘકાવ્ય, નાટયોર્મિકાવ્ય કે દીર્ઘખંડકાવ્ય કહી શકાય.

આ કાવ્યસંગ્રહમાં અજ્ઞાતવાસમાં રહેલા અર્જુનની મનોદશાનું વર્ણન છે. 'बृहन्नला' મહાભારતના વિરાટપર્વની કથા પર આધારિત છે. 'बृहन्नला' નું નામ ધારણ કરી રહેલા અર્જુનની મૂંઝવણ, વ્યથા, શોક, ક્રોધ અને દુઃખનું નિરૂપણ છે. ક્યારેક શાપ પણ આર્શીવાદરૂપ નીવડે છે એ મુજબ અર્જુનને ઉર્વશી તરફથી મળેલો શાપ અજ્ઞાતવાસમાં વિરાટ રાજાને ત્યાં રહેતી વખતે 'बृहन्नला' બનવામાં આશીર્વાદરૂપ નીવડયો. મહાભારતમાં 'बृहन्नला' રૂપે રહેલા અર્જુનની વેદનાને બહુ વાચા મળી નથી પરંતુ આ કાવ્યમાં અર્જુન – બૃહન્નલાની મનોદશાનું વર્ણન

કરવામાં આવ્યું છે. કવિએ बृहन्नाला માં જે કરુણરસ વહાવ્યો છે તે 'स्फूटति हदयं ग्रावाडपि रोदति' જેવો છે.

ડૉ. 'અભિરાજ' રાજેન્દ્ર મિશ્રે આ કાવ્યમાં કવિની પરકાયાપ્રવેશની શક્તિના દર્શન કર્યા છે. અર્જુનના પાત્રનું મનોવૈજ્ઞાનિક નિરૂપણ અહીં થયું છે.

ડૉ. રાજેન્દ્ર નાણાવટી જણાવે છે : "बृहन्नला मे एक वर्ष के कालचक्र में अर्जुन की मनः पीडाके कई आयाम भूत और वर्तमान की निरन्तर चल रही तुलनाके माध्यम से और जगह जगह पर छंदोलय के द्वारा प्रकट होते है ।"(8)

આ રીતે 'बृहन्नला' આધુનિક સંસ્કૃત કાવ્ય સાહિત્યમાં નવું પ્રસ્થાન છે. આમ, આ કાવ્યખંડ હર્ષદેવ માધવના સાહિત્ય સ્વરૂપ, વિષયવસ્તુ અને શૈલીની દૃષ્ટિએ વિલક્ષણ છે.

(7) <u>आसीच्च मे मनसि</u> :

આ લઘુકલ્પન કાવ્યોનો સંગ્રહ છે. જેને મોનો–ઈમેજ કાવ્યો પણ કહેવાય છે. મોનોઈમેજ એટલે એક જ વિષયને અલગ–અલગ રીતે સમજાવવું. હર્ષદેવ માધવે 16 વિષયોમાં લઘુકલ્પનોનો પ્રયોગ કર્યો છે. પ્રત્યેક પાના પરના દરેક વિષયમાં 5-7 લઘુકલ્પન કાવ્યો છે. જેમ કે, हदयम्, कीलकः शरः कवचम् रथः विद्युद्दीपः, स्नानगृहम्, पुस्तकम् વગેરે વિષયોના લઘુકલ્પન કાવ્યો છે. તેમાં એક જ વિષયની જુદી–જુદી કલ્પના (ઈમેજ) જોવા મળે છે. અને એ રીતે લઘુકલ્પન કાવ્યો (Mono-image Poems) બને છે. 'पुस्तकम्' કાવ્યના કલ્પન જોઈએ.

“हे पार्थ

विभूतियोगस्य परिशिष्टमपि शृणु

पुस्तकानां न वाचतिं

यत् पुस्तकम् तदहमस्मि ॥”

અહીં ભગવદ્‌ગીતાના વિભૂતિયોગનો વિસ્તાર ‘પુસ્તક’ ના માધ્યમ દ્વારા રજૂ કર્યો છે. કવિ જીવનને અડધું વાંચેલું અને અડધું વણવાંચેલું પુસ્તક કહે છે. અથવા ઈશ્વરને સંબોધીને અથવા તો પ્રિયતમાને સંબોધીને આ કાવ્ય લખાયેલું છે. આમ, એક જ કાવ્યમાં કવિએ વિવિધ અર્થઘટનો કર્યા છે. ‘हदय’ શીર્ષક કાવ્યમાં કવિ લખે છે.

“मम हदयं

लोहमयमस्ति ।

अहं

हदयस्पर्शमणिमन्विषामि ॥”

– मुखचूर्णम् કાવ્યમાં કવિ વિશિષ્ટ કલ્પના કરે છે. અહીં હૃદયસ્પર્શી રીતે હાસ્ય અને વ્યંગ્યની રજૂઆત કવિએ કરી છે.

“अहो ! देवदेवस्य

‘फेशन – अनुसारिता ।

मुखचूर्णमप्राप्य

तेन

चिताभस्म लिप्तम् ॥”

હર્ષદેવ માધવે 'સ્નાનાગૃહમ્' કાવ્યમાં પણ વિવિધ કલ્પનોનો ઉપયોગ કર્યો છે.

"स्नानगृहं गत्वा

गृहकलेशश्रान्ता वधू :

नि:शब्दं रोदिति

तदा

स्नानगृहं

तस्या : पितृगृहं भवति ।"

તેમજ

"स्नान–गृहे

उष्णजलमस्ति दु:खम् ।

शीतल जलमस्ति सुखम्

ज्ञानी

दु:खसुखसमे कृत्वा स्नाति ।"

ડૉ. અરુણોદય જાની હર્ષદેવ માધવનાં આ લઘુકલ્પન કાવ્યો વિશે કહે છે કે – ''ગુજરાતમાં હર્ષદેવ માધવે સંસ્કૃતમાં મોનોઈમેજ કાવ્ય તાન્કા હાઈકુ કાવ્યનો સર્વપ્રથમ પ્રયોગ કરીને સંસ્કૃત સાહિત્યમાં આધુનિકતા લાવવા માટેનું મોટું યોગદાન આપ્યું છે.''

(8) <u>निष्क्रान्ता: सर्वे</u> :

આ હર્ષદેવ માધવનો આઠમો કાવ્યસંગ્રહ છે. કવિ કલ્પિત અનેક નવા પ્રકારો – ગઝલો અને એકબિંબી કાવ્યો આ સંગ્રહની વિશેષતા છે. પરંપરાગત સંસ્કૃત નાટકોનો એક રંગનિર્દેશ (निष्क्रान्ता: सर्वे:) આ કાવ્યસંગ્રહનું શીર્ષક છે.

'પટાક્ષેપ'ના સાંકેતિક અર્થ દ્વારા હર્ષદેવ સમજાવવા માગે છે કે જ્યારે સર્વપાત્રો પ્રસ્થાન કરી જાય, રંગમંચ સુનો થઈ જાય ત્યારે આ (પરંપરા ભંજક) કાવ્યનો ઉદય થાય છે. માધવ પણ પોતાની કવિતાનો પ્રારંભ સમસ્ત પ્રાચીન કાવ્ય પરંપરાને બાજુએ મૂકીને અસ્વીકાર કરે છે. તે આ બધી માન્યતાઓને બાજુએ મૂકીને રચનાનો આરંભ કરે છે પરંતુ જે રીતે અંકના અંતમાં પાત્ર નિષ્ક્રમણ કરીને પડદાની પાછળ 'નેપથ્ય ગૃહ'માં હાજર રહે છે એ રીતે હર્ષદેવની કવિતામાં નેપથ્ય ગૃહમાં આ બધી પરંપરાઓ હાજર જ છે.

કાવ્યસંગ્રહ 'પ્રરોચના' નામાંક્તિ વિદ્વાન ડૉ. ગૌતમ પટેલે છંદોબધ્ધ શ્લોકોમાં વિવેચન કર્યું છે. અલહાબાદના ડૉ. હરિદત્ત શર્માએ કાવ્ય સ્તુતિ સંસ્કૃત ભાષામાં આપેલ છે.

હર્ષદેવની પ્રશંસા કરતાં ગિરિશ જાની કહે છે કે – 'सप्तकाव्यसंग्रह प्रकाशनान्तरं कवे: डॉ हर्षदेवमाधवस्य समग्रकविता संग्रहस्याय प्रथम: खड: यत्र एकादशविभागेषु 158 (१५८) काव्यानि महाकाव्यखपुज्य संग्रहीतानि सन्ति । अर्वाचीन संस्कृत काव्यलेखने कविश्यं स्वीपनवीनशैली प्रवर्तनाद् विशिष्ट: मन्यते ।' આ કાવ્યસંગ્રહનું ફલક સુવિસ્તીર્ણ છે જેમાં 12 વિભાગો છે. [9]

(1) पुरा यत्र स्रोत :
(2) आधुनिक मुद्रणकला सहितानि काव्यानि
(3) प्रतीककाव्यानि
(4) आधुनिकसंस्कृतकाव्यानि
(5) प्रणयकाव्यानि
(6) लघुबिम्बकाव्यानि
(7) गीतिसंग्रह:

(8) नवोद्वाह प्रणयमाधुरीकाव्यानि

(9) गजलसंग्रहः

(10) दार्शनिककाव्यानि

(11) बृहन्नला

(12) भरतवाक्यम्

**આ કાવ્યસંગ્રહમાં 19 જેટલા એકબિંબી કાવ્યો છે જે અનેક સંદર્ભોમાં હર્ષદેવ માધવે રજૂ કર્યો છે. गर्दभः કાવ્યમાં ચંદ્રને જોઈને ગધેડાનો વિચાર – જો ચંદ્ર આકાશમાંથી પૃથ્વી લોકમાં અવતરણ કરે, તો તે મારો મનમોહક બાળક જેવો લાગશે. હર્ષદેવ માધવના આ કાવ્યસંગ્રહમાં 'ખેડૂત' વિશેના કાવ્યમાં સમાજ ચેતના જોવા મળે છે. જેનું શીર્ષક છે 'कृषीवल' આ કાવ્ય ખેડૂત અને મજૂર વિષયક કાવ્યોથી તદ્દન જુદું પડે છે.**

– "कृषीबल :

स्वभाग्यं वपति

किन्तु

दुर्भाग्यं प्ररोहति ।"

– "कृषीबलः पुरूषार्थ हलेन युञ्जते

प्रारब्धं बीजेन सह वपति

हदयं जलेन सिञ्चति

दुःखानि कृतृणैः सह कृन्तति

शस्येन सह स्वप्नात् प्ररोहति

तस्य नतस्कन्धयोरस्ति देशस्य श्वस्तन सूर्योदयः ।"

'યુદ્ધમ્' કાવ્યમાં કવિએ ઈરાક – અમેરિકા વચ્ચેના ભીષણ યુદ્ધનું વર્ણન કર્યું છે. રણ, ઊંટ, પેટ્રોલના ક્ષેત્રો વગેરે સંદર્ભો કવિએ ઈરાકનાં વાતાવરણમાંથી પસંદ કર્યા છે તો એની સાથે કુરુક્ષેત્ર, ધુતરાષ્ટ્ર વગેરે સંદર્ભો મહાભારતમાંથી તો એની સાથે ટેન્કર, બોમ્બ, મિસાઈલ વગેરે આધુનિક બાબતોનો પણ ઉલ્લેખ કર્યો છે. પુરાકલ્પનના રૂપમાં સોક્રેટિસનો ઉલ્લેખ છે. 'युद्ध' મૃત્યુના વસ્ત્રો પહેરીને આવે છે આ વાકયમાં મૃત્યુની કરુણતા સૂચવાય છે. 'ઘવાયેલી શાંતિ ઊંટડીની જેમ બેસી ગઈ છે' એ પંક્તિ દુઃખ વ્યક્ત કરે છે. પરંતુ કવિ માનવંતા ધૃતરાષ્ટ્ર બની જાય છે એમ કહીને કટાક્ષ કરે છે.

બીજા કાવ્યમાં કવિ અરેબિયન નાઈટ્સની અલીબાબા અને ચાલીસ ચોરની વાર્તાના સંદર્ભે અલીબાબાને મારી નાખવા માટે ચોર તેના ઘર ઉપર નિશાન કરી ગયો હતો એ સંદર્ભે મૃત્યુ જાણે દરેક ઘર પર નિશાન કરીને જાય છે એ બાબત વણી લીધી છે.

ત્રીજા કાવ્યમાં કવિ યુદ્ધની પોતાના ઉપર અસર થઈ છે એ વર્ણવે છે. ભારત – ઈરાક વચ્ચે માઈલોનું અંતર હોવા છતા કવિના હૃદયમાં તેની અસર પ્રગટી છે. છેલ્લે કવિ કહે છે કે – તમે હવે અહીં શાંતિના કબૂતરો ફેંકો છો ? ઈરાકને કચડીને પછી અમેરિકાએ શાંતિ સમજૂતી કરી હતી તેના ઉપર કવિએ માર્મિક કટાક્ષ કર્યો છે. આમ, કવિએ વૈશ્વિક સંવેદનાઓને અભિવ્યક્ત કરી છે.

આમ, હર્ષદેવ માધવ પોતાની કાવ્યસૃષ્ટિમા અનુભવો, બિંબો અને પ્રતીકોને પ્રદર્શિત કરે છે. ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠી આ કાવ્યસંગ્રહને 'संस्कृत कविता को भावबोध देने वाली कविता' કહે છે.

## (9) पुरा यत्र स्त्रोत :

ઈ.સ. 1998 માં પ્રકાશિત આ કાવ્યસંગ્રહને સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજ્યનો પુરસ્કાર આપવામાં આવેલ છે.

''ભારતીય ભાષા પરિષદ કલકત્તાનો 'કલ્પવલ્લી' અને 'કેનેડાનો સરસ્વતી વિકાસ'' એવોર્ડ મેળનાર ડૉ. હર્ષદેવ માધવ આધુનિક કવિતા ક્ષેત્રે ગુજરાતના બહુભાષી સર્જક છે. તેમણે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજીમાં પોતાનું સર્જન કર્યું છે. માધવના આ 9 માં કાવ્યસંગ્રહમાં 70 નવીન લઘુકાવ્યોનું સંકલન છે જેમાં આધુનિક સંદર્ભોને પ્રગટ કરતી છન્દોમુક્ત કવિતાઓ છે અને તેમાં રમણીયત્વ, સૌંદર્ય ભાવના અને પ્રણયી હૃદયની વિવિધ દશાઓનું વર્ણન છે. મોટાભાગની કવિતામાં પ્રણયનું નિરૂપણ છે. પ્રેમ (કવિ) બોલે છે પ્રેમિકા (અલકનંદા) મૂકવત્ સાંભળે છે.

"विकसित्पुष्पसमाया मे प्रतीक्षायाः

किं भविष्यति ? किं भविष्यति

लावाद्रवज्वलदुपलखण्डसदृशस्य मे हदयस्य ?"

અહીં પ્રશ્નોથી ઘેરાયેલા કવિ પ્રિયતમા અલકનંદાને ઉત્તર આપવા વિનંતી કરે છે. કવિ પ્રશ્નો કરે છે કે – ખીલતાં ફૂલો સમાન મારી પ્રતીક્ષાનું શું થશે ? લાવારસથી બળતા પથ્થરના ટુકડા જેવા મારા હૃદયનું શું થશે ? અહીં દરેક પ્રશ્નમાં કવિની વ્યથા જોવા મળે છે.

પોતાની પ્રિયતમાની આંખ કવિને કમળ જેવી નહી પણ છીપલા જેવી લાગે છે, જેમાં છુપાયેલા પ્રેમના મોતીને શોધવા કવિ પોતાની પ્રિયતમાની આંખોમાં ઉતરવા ઈચ્છે છે.

– अहं त्वन्नेत्रयोखतरामि / स्वप्नशुकितसंपुटेषु कुत्रचिन् निहितं / प्रेम मौक्तिकमन्वेषुम् ॥

વસંતઋતુમાં કવિ જુએ છે કે –

– वर्तमानपत्रविज्ञापन विना / वलभीनीडे / चटकमिथुनेन नवजीवनं समारब्धम् ।

આધુનિક કવિઓની દષ્ટિ પ્રાયઃ સમકાલીન લોકજીવનની વિવિધ મુશ્કેલીઓ અને નવી ગતિ વિધી તરફ કેન્દ્રિત થઈ છે. તેથી વર્તમાન કાવ્યોમાં આક્રોશ, વિદ્રોહ, વ્યંગ્ય વગેરે જોવા મળે છે. તીવ્ર વ્યંગ્યનું એક ઉદાહરણ જોઈએ.

– मधुबिन्दुपङ्के पिपीलिका मृताऽत्र / तत्र गृहेषु सुप्ता जना नरराक्षसैरातङ्कवादिभिर्हताः ॥ सत्यस्य विपणी तत्रास्ति । यत्र न्यायदेवी नेत्रयोर्वस्त्रपट्ट धारयति ॥

આ ઉપરાંત આ કવિતા સંગ્રહ સંગીત વિશેનો કવિનો અનુરાગ પણ દર્શાવે છે જેમ કે –

– गृहिणी / तुलसीरूपा दृश्यते । पातिव्रत्य – दीपप्रकाशे /

– गृहिणी हसति / तत्र मुख्यकक्षः पश्यति । रोदति / तत् स्नानगृहं शृणोति

– इष्टकायां स्त्रीहृदयमस्ति / यत् / प्रहारान् विस्मृत्य / रक्षति गृहम् ॥

'तहि प्रश्नालय' કાવ્યમાં આપણને પ્રશ્નો જોવા મળે છે. કવિ પ્રિયતમાને પૂછે છે – શું તારી પાસે શરીરરૂપી લોઢામાં પ્રાણ પૂરવા માટે એક પણ સ્પર્શ નથી ? શુષ્કતાને જીવડવા માટે એક ટહૂકો પણ નથી ? કવિના આવા પ્રશ્નોનો પ્રિયતમા તરફથી કોઈ પ્રત્યુત્તર ન મળતાં કવિ વેદનાપૂર્વક કહે છે કે – જો તારી પાસે કંઈ ન હોય તો એક તણખો શોધ અને મારા સૂકા પાંદડા જેવા અસ્તિત્વને સળગાવી નાંખ. અહીં કાવ્યનું આસ્વાદન માણી શકાય તેવું છે.[10]

સાંપ્રત સમસ્યા અને કાવ્યતત્વનાં વિશિષ્ટ સંયોગથી આ કાવ્યકૃતિ મનોહર બની છે. આ સંગ્રહના પ્રતીકોની પ્રશંસા કરતા ગોવિંદ ઝા લખે છે કે –

"प्रतीको (उपमानो) का अम्बार तो कालिदास भवभूति, भास, माद्य, श्रीहर्ष आदि महाकवियोने भी' खूब लगाया, पर वे सभी आज पुराने पड गये है और इसलिये पैनापन खो चुके है । आलोच्य कविने उन प्रतीको के स्थान पर एकदम तरो – ताजा प्रतीको की सृष्टि की है । उदाहरणार्थ कवि की प्रणयिनी अलकनन्दा की आंख कमल की नहीं, शुक्ति (सीप) की है और कवि उस सीप के भीतर संजोये हुए प्रेम का मोती खोजने के लिये प्रणयिनी की आंखो में उतरना चाहता है ।"(11)

**(10) <u>मृत्युशतकम्</u> :**

ઈ.સ. 1999 માં ચારુતર સંસ્કૃત પરિષદ દ્વારા પ્રકાશિત આ લઘુકલ્પન કાવ્યસંગ્રહમાં મૃત્યુ વિષયક 104 લઘુકલ્પનો છે. ભારતીય સંસ્કારોમાં મૃત્યુને મીથ દર્શન, લોકચૈતન્યમાં ખૂલતાં વિવિધ ભાવોનું આલેખન કવિએ કવિતામાં કર્યું છે.

જીવનને ભોગવ્યા પછી પણ મૃત્યુનાં ડરથી લોકો સમક્ષ કવિ મૃત્યુની બોલબાલા વર્ણવે છે. આ કાવ્યમાં સમય (કાળ) નાં રૌદ્ર સ્વરૂપને સૌમ્યતામાં રૂપાંતરિત કરે છે. અવનવી કલ્પનાઓથી જીવનના અંતિમ તબક્કાને (મૃત્યુને) કવિએ નવીન અભિગમથી વર્ણવ્યું છે. મૃત્યુ વિષયક એક લઘુકલ્પનમાં કવિ લખે છે કે –

– यथा वात्यासारः

नाययति

पतङ्गं पुष्पात् पुष्पं प्रति

तथैव

मृत्युः ।

**(જેમ પવનનો ઝપાટો, પતંગિયાને એક પુષ્પ પાસેથી બીજા પુષ્પ પાસે લઈ જાય એમ ... મૃત્યુ પણ ...)**

– **કવિ મૃત્યુની પિતૃભાષા, આપતા કહે છે કે –**

- जीवितरागावलीवर्णा मिश्रीभूप यां विवर्णतामुत्पादयन्ति सैव मृत्युसंज्ञा प्राप्नोति ।

**મૃત્યુના સામ્રાજ્યની સાપેક્ષમાં આત્મવિશ્વાસ અને કલાનું સામર્થ્ય વર્ણવતા કવિ કહે છે કે –**

- हे मृत्यो, त्वं विहजं हर्तुं शकतोडसि ।

  न विहगस्य प्रसृतं कुहुकाशम् ॥

**મૃત્યુ સાથે મનુષ્યની તુલના કરતાં હર્ષદેવ માધવ કહે છે કે –**

मृत्युः तव नेत्रयोरालिखति विरहम्

मम नेत्रयोः वैकलव्यम् ।

तव हस्ताभ्यां हरति सौभाग्यकङ्कणम्

मम हस्ताभ्यां जीवन रेखाम् ।

तव हृदयाय ददाति विविकतम्

मम हृद्याय शून्यावकाशम् ॥

પાંચમાં લઘુકલ્પનમાં કવિ રસપ્રદ વાત કરે છે.

– मृत्युरागच्छति श्रीमते न्यायकरनिरीक्षकरूपेण / सुरामताय रक्षकदण्डरूपेण / कर्मचारिणे कार्यालयाधिकारी भूत्वा / अकिज्यनाय मूल्य वृद्धिरूपेण / मन्त्रिणे निर्वाचन पराजयरूपेण –

ભારતીય સંસ્કારોમાં મૃત્યુને મીથ, દર્શન, લોકચૈતન્યમાં ખૂલતા વિવિધ ભાવોનું આલેખન કવિએ કવિતામાં કર્યું છે. 'आसीच्च मे मनसि' પછી કવિનો આ બીજો મોનોઈમેજ કાવ્યસંગ્રહ છે. આ કાવ્યસંગ્રહને જયશ્રી ચટ્ટોપાધ્યાય 'The lyrical gem' કહે છે.(12) આ કાવ્યસંગ્રહ હર્ષદેવ માધવે कापिशायिनी ના લેખક ડૉ. જગન્નાથ પાઠકને સમર્પિત કર્યો છે.

"अत्र प्राचीनार्वाचीनस्वदेशीवैदेशीयसन्दर्भोल्लेखैः काव्यवस्तु समलङ्कृतम् । मृत्योः विषये कवेः वैविध्यपूर्ण विचाराः प्रतीककाव्यमपूर्वतां नयन्ति ।" સામાન્ય રીતે મૃત્યુની છાયાને કાળી માનવામાં આવે છે. આથી મૃત્યુને નિરૂપતા આ સંગ્રહના આવરણ પૃષ્ઠો પણ કાળા રંગનાં જ છે. અહીં કવિને નાની–નાની બાબતોને પણ ધ્યાનમાં રાખી છે.

આમ, ડૉ. હર્ષદેવ માધવ સમકાલીન વૈવિધ્યપૂર્ણ સંદર્ભોથી વિષયને ન્યાય આપે છે. સામાજિક સમસ્યાઓને કાવ્યનાં રસપ્રદ માધ્યમથી રજૂઆત આપીને કવિ સ–રસ બનાવે છે. ડૉ. સત્યવ્રત શાસ્ત્રી તેને "Successfully Portrayed the death" કહે છે.

**(11) कालोऽस्मि :**

હર્ષદેવનો આ કાળવિષયક ચર્તુભાષી કાવ્યસંગ્રહ છે. कालोऽस्मि સંગ્રહમાં કવિએ કાળના જુદા–જુદા સ્વરૂપોને સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી એમ ચાર ભાષામાં અભિવ્યક્ત કર્યા છે. આ સંગ્રહના એક પાના પર કવિએ

વિષયને અનુરૂપ ચિત્રોનું ચિત્રણ કર્યું છે અને સામેનાં પાના પર એ જ સંવેદનને સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી એમ ચાર ભાષાઓમાં કાવ્યરૂપે નિરૂપ્યું છે. અહીં કવિ પ્રતિભાનો ચિત્રકાર અને સર્જક એમ બે રીતે પરિચય થાય છે.(13)

દેવહુમા લખે છે : – ''મલ્ટિ લિંગ્વુઅલ કાવ્યોની રચના કવિએ યર્થાથ રીતે મલ્ટિ લિંગ્વુઅલ વાચકો માટે રચીને ચારેય ભાષાના વાચક માટે ઉત્સવ ઊભો કર્યો છે. ચાર ભાષામાં એક જ વિષય પરની રચનાઓ એકમેકના અનુવાદનો અભ્યાસ ઊભો કર્યા વિના સ્વતંત્રરૂપે રજૂ થાય છે તે સર્જકની ખૂબી છે.

ઓમપ્રકાશ ગુપ્તા હર્ષદેવની શબ્દકલા અને ચિત્રકલા વિશે લખે છે : – "कवि ने अपने अनुभव को शब्दो के साथ–साथे चित्रो मे भी बांधा है, प्रतीकात्मक रेखाचित्रो में । एक और शब्दचित्र और दूसरी और रेखाचित्र अर्थात् 'स्केच' । शब्दकला और चित्रकला का यह सामंजस्य अपने आप में एक सुखद प्रयोग है ।"(14)

શ્રીમદ્ ભગવદ્ગીતાનો 11 મો અધ્યાય 'विश्वरूपदर्शनयोगः' છે તેના 32 માં શ્લોક મુજબ 'कालोदस्मि लोकक्षकृत्प्रवृद्धो लोकन्समाहर्तुमिहप्रवृतः।' હું લોકોનો સંહાર કરનારો અત્યંત વૃદ્ધિ પામેલો કાળ હું અને લોકોનો સંહાર કરવા અહીં પ્રવૃત્ત થયો છું) તેથી આ સંગ્રહનું શીર્ષક 'कालोडस्मि' રાખ્યું છે.

કવિ પડછાયા વિહિન દેશમાં સમયના મડદાને ક્ષણના ખભે મૂકીને જવાની વાત દર્શાવે છે –

समयस्य शवं / क्षणस्कन्धे निधाय / गन्तुं कामये / प्रतिच्छायरहितं देशम् ॥

મુખ પર ઘડિયાળ પહેરીને આ નગર પોતાનો પરિચય ભૂલી ગયું છે તે દશ્ય કલ્પન જોઈએ.

मुखोपरि / घटिकायन्त्रं परिधाय / विस्मरति नगरमिदं / स्वपरिचयम् ।

બીજા એક કલ્પનમાં કવિ ઉજ્જવળ ભવિષ્ય વિશે કહે છે કે अतीत – कुलापे / निहितावृति् / कुहूकारं कुर्यात् / भविष्यम् ॥

આ કૃતિમાં સમયના વિવિધ સ્વરૂપો જોવા મળે છે. કવિએ સમયને ક્યારેક રણ જેવો તો ક્યારેક હરણ જેવો કલ્પ્યો છે તેઓ સમયને જામ તેમજ કિતાબ તરીકે કલ્પે છે.

''આ સમય જાણે કે અધવાંચી કિતાબ
જાણવા ક્યાંથી બધા પ્રશ્નો જનાબ !''
"यह समय लगता है पहचाना हुआ
जानकर लगता है अनजाना हुआ ॥"

અહીં જીવનના ક્ષણભંગુરત્વ, મૃત્યુભીતિ, યૌનપ્રીતિ, શૂન્યતા વગેરે જોવા મળે છે. અતીતના નપુંસક શિશ્રમાંથી અધુનામય વન્ધ્યયોનિમાં કેવી રીતે જન્મી શકે ભવિષ્ય નામનું બત્રીસ લક્ષણું બાળક ?

હર્ષદેવ માધવે આ કાવ્યસંગ્રહમાં રસનું નિરૂપણ કર્યું છે. કવિ કહે છે કે – मीनो भूत्वा / निःश्वासिमि / समयमत्स्यगृहे / वरं / कटकौ / विद्यतामेव / गलमिदम् ॥ એટલે કે હું માછલું બનીને નિઃશ્વાસ નાખું છું આ સમયરૂપી મત્સ્યગૃહમાં, સારું થાય જો બે કાંટા મારા ગળાને વિંધી દે ?

કવિની અંગ્રેજી રચના 'Paste a clock / on your face / then / forget life' સિફારસને રજૂ કરે છે તો 'मेरे पाँव को छीनकर / भाग रहा है समय / मै / जटायु बनकर ... !! / અહીં ભગવદ્ ગીતામાં આવતા શ્રી કૃષ્ણના

વિશ્વરૂપ દર્શનથી માંડીને રામાયણના જટાયુ સુધીનું આલેખન આ સંગ્રહમાં છે. સમયના પ્રતીકથી સમગ્ર જીવનને કવિ દર્શાવે છે.

મૃત્યુ સંપૂર્ણ અંધકારમય છે, મૃત્યુ પછીનો રસ્તો બૌદ્ધિક રીતે દેખાતો નથી. રસ્તો તો હશે જ ! કવિએ આકાર વિહીન કાળ, આકાર વિહીન જીંદગી આકાર વિહીન મૃત્યુ સંપૂર્ણ અંધકાર સાથે છે એમ લઘુકલ્પનમાં કહ્યું છે.

Shapeless time / shapeless life / shapeless death / with total darkness.

કાળ Wast land અને deserted બનીને વાચક સમક્ષ કવિ મૂકે છે. હર્ષદેવ સમયરૂપી મીણબત્તીને હળવેથી બુઝાતી બતાવે છે.

Drips away / slowly / the candle of time.

ડૉ. હર્ષદેવ માધવે આ મોનોઈમેજ કાવ્યસંગ્રહમાં આધુનિક સમાજની વ્યથાકથા નિરૂપી છે રવીન્દ્ર ખાંડવાલા ના મતે.

"अंतमे कवि का ही एक काव्य स्मरण में आता है –

समयस्य । प्रतिपृष्ठं । पश्याम्यहं । तव हस्ताक्षरम् ॥"

કવિ ડૉ. હર્ષદેવ માધવના ચિત્રો વિશે મધુ કોઠારી જણાવે છે કે – ' પુસ્તકમાં સમયને અનુરૂપ ચિત્રો છે કેટલાંક તો surrealistic છે. હર્ષદેવના આ Multilingual પ્રયોગ સફળ રહ્યો છે.

**(12) <u>सुषुम्णायां निमग्ना नौका</u> :**

હર્ષદેવ માધવે આ મોનોઈમેજ સંગ્રહમાં વિવિધ બાબતોને લગતા આઠ વિષયો અંગેના લઘુકલ્પન કાવ્યોનો સમાવેશ કર્યો છે.

(1) रणम्

(2) ईश्वरः

(3) समुद्रः

(4) मार्गः

(5) जलादः

(6) कन्दरा

(7) राक्षसः

(8) ॐ कारः

આ સંગ્રહમાં પાનાની એકબાજુ સંસ્કૃત કાવ્યો છે તો સામેના પાના પર ગુજરાતી અનુવાદ છે.

પ્રસિદ્ધ પત્રકર દેવહૂમા આ સંગ્રહ વિશે લખે છે કે,

"सीधे–सादे शब्दोमे कल्पना को, सत्य की भावप्रवणता को उच्च तर्कशुद्ध मोनोइमेज में डालने का कवि का यह प्रयास सर्गशकित के नवोन्मेष को प्रकट करता है ।"(15)

આ પુસ્તકની પ્રસ્તાવના ડૉ. ગૌતમ પટેલે લખેલ છે. પ્રા. રવીન્દ્ર ખાંડવાલા આ કાવ્યોને 'ખાણમાં પડેલ એક મુઠ્ઠી હીરાઓ' તરીકે ઓળખાવે છે.(16)

'ईश्वरः' કાવ્યમાં કવિએ અંતિમ ખંડમાં માત્ર ચિહનો પ્રયોજીને એક ક્ષણ સમજવામાં મુશ્કેલી પડે તેવી સંદિગ્ધતા ઊભી કરી છે. કવિએ અહીં સંસ્કૃત કવિતામાં નવી પરિભાષા ઉમેરી છે.

'समुद्रः' કાવ્યમાં કવિની અલંકાર યોજના અને કલ્પનો કવિની રંગદર્શી પ્રતિભાને રજૂ કરે છે. કવિ સમુદ્રને ક્યારેક હોનોલુલુની સુંદરીઓની આંખની

પાંપણોમાં નાચતો જુએ છે. આમ, હર્ષદેવ માધવે અહીં અનેક વિષયોનું આલેખન કર્યું છે.

હર્ષદેવ માધવ અહીં વેરાન ભૂમિમાંથી જગતનાં મનોરમ્ય વાતાવરણ સુધી આપણને પહોંચાડે છે. ઈ.સ. 1999 માં પ્રકાશિત થયેલો આ કાવ્યસંગ્રહ કવિ હર્ષદેવ માધવને શિલ્પકારની પદવિ આપે છે. શ્રી હેમહુમા તેને 'સર્ગશક્તિનો નવો ઉન્મેષ' કહે છે. ડૉ. રશ્મિકાન્ત ધ્રુવ લખે છે કે :

"The Poets genius roams from desert to omkar. The poet has become mile stone in the field on mono imag poems in Sanskrit. The Poet's genius gives a Pen Picture of yogi, reached at 'sahashra padma; (The seventh catra) in samadhi. The Poet is a real craftsman and genius artist of mono image poems."

**(13) <u>भावस्थिराणि जननान्तर सौहदानि</u> :**

હર્ષદેવ માધવના આ સંગ્રહને સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તરફથી પુરસ્કાર આપવામાં આવેલો છે. આમાં 173 કાવ્યો અને संवादोपनिषद् ના 25 કાવ્યો છે. આ સંગ્રહ 9 સ્તબકોમાં વહેંચાયેલો છે.[17]

1) भावस्थिराणि जनान्तर सौह्मदानि

2) अस्तित्वमये मणिकर्णिकाधट्टे

3) तव स्पर्शे स्पर्शे

4) क्षणमये चषके

5) दूराद् दृष्टा निकट्टनिक भूतधात्री धरित्री

6) सागरोऽयं पृथक्प्राणः

7) शापान्तो मे

8)	परकायाप्रवेशः

9)	शनैः शनैः गलन्त्यः प्रतिच्छायाः

ઉપરોક્ત નામકરણમાં યોગ્ય સમજદારી વાપરીને મોટાભાગના વિભાગોના નામોમાં આધુનિક કવિઓના શબ્દો, શબ્દસમૂહો કે કાવ્યકંડિકા જોવા મળે છે. જેમ કે – જેમ કે – 'क्षणमये चषके' શીર્ષક જગન્નાથ પાઠકના 'कापिशायिनी' સંગ્રહનો બોધ કરાવે છે. 'अस्तित्वमये मणिकर्णिका घट्टे' ડૉ. રાજેન્દ્ર મિશ્રના 'श्रुतिम्भरा' કાવ્યસંગ્રહના શબ્દો છે. કવિએ પોતાના કાવ્યસંગ્રહો પરના વિદ્વાનોના વિવેચનાત્મક અભિપ્રાયો પ્રત્યેક વિભાગની શરૂઆતમાં મૂક્યા છે. જે સંશોધક માટે અતિ ઉપયોગી પૂરવાર થાય તેવા છે.

કવિએ આ સંગ્રહમાં જુદા–જુદા વિષયો અંગે ચર્ચા કરી છે. હર્ષદેવ માધવ મનુષ્યનાં પુરૂષરૂપની કઠોરતા વર્ણવતા કહે છે કે –

केनापि रामेण त्यक्ता / केनापि नलेन निर्वासिता ।

केनापि दुष्यन्तेन वञ्चिता । केनापि हरिश्चन्द्रेण विसृष्टा ॥

અન્ય કાવ્યોમાં शयताना તથા जायन्टा જેવા પુલ્લિંગ શબ્દોનો પ્રયોગ કરીને પુરૂષ જાતિની કઠોરતા અને દમનવૃત્તિ દર્શાવી છે. આ ઉપરાંત લોસ એન્જલિસનો ઓલમ્પિક સમારંભ, વેશ્યા, અયોધ્યા, રિક્તસ્થાન પૂર્તિ, 'હર કી પૌડી' (હરિદ્વાર), કોર્ણાક્નું સૂર્યમંદિર, સોમનાથ, બાંગ્લાદેશ, પાથેર પંચાલીની કથા તેમજ પશ્ચિમના નાટયકાર શેકસપિયરના ઓથેલો, હેમલેટ જેવા નવીન વિષયો પર રચના કરી છે.

'मुम्बापुर्या बम्बस्कोट' નામના કાવ્યમાં કવિ કહે છે કે – ગીધની જેમ માનવી – માનવતાનું ભક્ષણ કરે છે, ત્યાં ધર્મની કે ધર્મપાલનની તો શું વાત કરવી ? 'કારગિલ' કાવ્યમાં કવિ શહીદોને નમન કરીને કરચોરી તથા ગરીબ

લોકોનું શોષણ કરનાર અભિનેતાઓ અને ચિકિત્સકોની સામે બંડ પોકારે છે. માધવરચિત 'ऋष्यशृङ्गस्य संवेदनम्' કાવ્યમાં કવિએ આધુનિક ભારતીય દાર્શનિક વિચારોનું નિરૂપણ કર્યું છે.

'संवादोपनिषद' માં જીવ અને શિવનાં સ્વરૂપ અને સંવાદની કથાને, અનુભૂતિને કવિ આલેખે છે. અહીં રહસ્ય કાવ્યો પ્રાપ્ત થાય છે. 'संवादोपनिषद' વાંચીને જગન્નાથ પાઠક કહે છે કે – सचमुच जब मैने संवादोपनिषद् को पढा तो लगा ।

"आते है जैब से ये मजामी खयाल में
गालिब, सरी के खामा नवा – ए – सरोश है ... "

"आप के खयाल में मजामी भी गैब से आये प्रतीत हुए । देर तक में इसे लेकर विचलित सा, मुग्धा सा, स्तब्ध सा रहा । इस संबंध में और कुछ कहने की स्थिति में नही हूँ । बस इतना ही ।"

આ દીર્ઘ કાવ્યસંગ્રહમાં કવિની પ્રતિભા સંસ્કૃત કવિતાને વૈશ્વિક સંદર્ભમાં મૂકે છે. તેની સાથે એક આખું સ્તબક રિઅલ કાવ્યોનું છે. આ સંગ્રહ વિષયવૈવિધ્ય, કલ્પનો પ્રતીકો, પુરાકલ્પનો, રીતિ, ધ્વનિ વગેરેની દષ્ટિએ આધુનિક સાહિત્યમાં નોંધપાત્ર છે.

**(14) <u>कण्णकया क्षिप्तं माणिकय नूपुरम्</u> :**

હર્ષદેવ માધવ રચિત આ કાવ્યસંગ્રહનું અભિધાન ભારતનાં સુપ્રસિદ્ધ મહાકવિ ઈલંગો આડિગલનાં મહાકાવ્ય 'शिलप्यधिकारम्' ના કથા સંદર્ભ પર આધારિત છે. 2001 માં પ્રકાશિત થયેલા આ સંકલનમાં 35 Mono image Poems છે. 'કોવલન' નામનો એક શ્રીમંત વણિક પુત્ર મદુરાઈનગરમાં પોતાની

પત્ની 'કણણકી' સાથે જાય છે, બજારમાં જ્યારે સ્વ–પત્નીનું એક માણિક નૂપુર વેંચવા માટે વિવિશ થઈને ફરતો હોય છે ત્યારે તેને ચોર સમજીને રાજા સમક્ષ રજૂ કરે છે. રાજા તેને રાજરાણીનું નૂપુર ચોરનાર અપરાધી સમજીને દેહદંડની સજા કરે છે. શોકાતુર 'કણણકી' વધસ્થાન પર પહોંચી રાજાની સામે બીજુ નૂપુર પણ ફેકે છે. નૂપુરની ઘૂઘરીઓમાં જડેલા મણિઓ ખરી પડે છે. અને રાજા પશ્ચાતાપ અનુભવે છે. કારણકે, રાજા મહિષના નૂપુર તો માણેક નહિ, મોતીથી જડાયેલા હતાં. તે વેરાઈ ગયેલ મણિઓ કવિના કાવ્યો છે.

આ મણિ એટલે વૃક્ષ, મૃગતૃષ્ણા, અપ્સરાઓ, પર્વત, મંદિર, નદી, રથ, સ્મૃતિ, મયૂર, દૂર્વો, ક્રોધ, સંન્યાસી, હદયાદિ – જીવન અને જગતનાં આ વિખરાયેલાં મણિ ક્યાંય ખોવાય નહિ, તે માટે કવિ તેને સાચવીને રાખે છે. માટે અહીં વિષયવસ્તુની દષ્ટિએ, દશ્ય–અદશ્ય, જડ–ચેતન કે મૂર્ત–અમૂર્તનું વર્ગીકરણ જોવા મળતું નથી. 'વૃક્ષ' નામનું કાવ્ય જોઈએ.

"एकमपि पर्णे वृक्षत्वमनुभवेत्

स एवात्म साक्षात्कारोऽस्ति ।"...

वृक्षस्य छायायां / बोधिसत्वस्य शान्तिरस्ति / पर्णेषु / कृष्णसङ्गीत माधुर्यम् / शाखासु / महावीरस्य् तितिक्षा / वृक्षमूले / उपनिषदां याज्ञवल्कस्य सत्यमस्ति ।

કવિતા અને નદી એકબીજાનાં પર્યાય છે. હર્ષદેવ માધવ લખે છે કે – પાષાણમાંથી વહેતી કવિતા નદી છે તો શબ્દોમાં વહેતી નદી કવિતા છે.

"शब्देषु प्रवहति नदी – कविता ।

पार्षाणेषु प्रवहति / कविता / – नदी ।"

रथ्थासु जम्बूवर्णानाम् शिराणाम् નું છેલ્લું द्रीपपज्याशिका અહીં વિભાગના અંતે ફરીવાર આલેખ્યું છે. બીજો વિભાગ भूतप्रेतशतकम् છે. જેમાં ચિત્રાંકનની સાથે ભૂતપ્રેત વિષયક 101 ઈમેજ કાવ્યો છે.

स्थालिपुलकन्याय થી એક કાવ્ય જુઓ.

"अभिज्ञानमुद्राविरहितं भूतं । पृच्छति स्वस्मै स्वपरिचयम् । किन्तु / भीरूकाणां स्थिरतारकेषु / नेत्रेषु / वाचयति प्रश्नानेव ॥"

આ કાવ્યસંગ્રહના આરંભમાં જૂનાગઢના ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટનો પરિચય આપેલો છે. અને સત્યવ્રત શાસ્ત્રી તથા ડૉ. હરિદત્ત શર્માએ પાના નં. 62 થી 64 ઉપર કાવ્યોની સમીક્ષા કરી છે તેમજ અંતિમ આવરણ પૃષ્ઠ પર વિદ્વાનોએ કરેલી પ્રશસ્તિનો પુષ્પહાર જોવા મળે છે. આ કાવ્ય સંગ્રહમાં ઈહલૌકિક પ્રેમથી પરમાત્માના ચિંતન સુધી અને વ્યક્તિથી સમષ્ટિ સુધીનું આપણને દર્શન થાય છે.

**15 <u>सुधासिन्धोर्मध्ये</u> :**

ઈ.સ. 2006 માં પ્રકાશિત થયેલ આ કાવ્યસંગ્રહ બે ઉપનિષદોમાં સંકલિત છે.

1) प्रकाशोपनिषद्

2) मन्त्रोपनिषद्

**(1) <u>प्रकाशोपनिषद्</u> :**

આ ઉપનિષદમાં છંદરહિત કાવ્યો છે. આ કાવ્યોનું વિષયવસ્તુ 'પ્રકાશ' છે. આથી જ તેનું શીર્ષક યથાર્થ છે. કવિએ પ્રકાશને અલગ–અલગ રૂપે નિહાળ્યો છે. અહીં આપણને ઉપનિષદના ઋષિઓએ આપેલ 'ब्रह्म' વિષયક ચિંતનની

અનુભૂતિ થાય છે.  આ કાવ્ય વાંચતી વખતે આપણને થાય છે કે કવિ માટે ‘ પ્રકાશ’ જ ‘બ્રહ્મ’ છે.

‘प्रकाशोपनिषद्’ નો હિન્દીમાં અનુવાદ ડૉ. ઓમપ્રકાશ ગુપ્તાએ કર્યો છે. તેમજ શ્રુતિ હર્ષદેવનો આ સંગ્રહના તમામ કાવ્યોનો ગુજરાતીમાં અનુવાદ જોવા મળે છે. કવિની ઉપનિષદના મંત્રોની યાત્રા આ ગ્રંથમાં જોવા મળે છે.

હર્ષદેવની કાવ્યયાત્રાને ઉપનિષદોની ગંગોત્રી સાથે જોડતાં ડૉ. રાધાવલ્લભ કહે છે કે – “माधव के काव्य में अब एक नया मोड आया है । ‘संवादोपनिषदांत्’ के बाद अब प्रकशोपनिषद् और मंत्रोपनिषद् के द्वारा उनकी काव्यधारा उपनिषदो की गंगोत्री से जा जुडी है ।”

આ વિભાગની એક ઉત્તમ કવિતા જેમાં અપૂર્વ રૂપક અલંકારનું નિરૂપણ છે.

“घनश्यामः प्रकाशः / मां नयति / यमुनाागर्तगम्भीर ध्यानम् / मयूरपिच्छमसृणः प्रकाशः / मम प्रत्येकमणु / करोति वंशीरन्ध्रम् ।”

આ કાવ્યસંગ્રહને સાહિત્ય અકાદમી, દિલ્હી તરફથી 2006 માં શ્રેષ્ઠ પુસ્તકનો એવોર્ડ મળેલ છે. ડૉ. વિજયકુમાર પંડયા લખે છે કે – ‘प्रकाश की अनुभूति को प्रदीप्त करती कविता शीर्षक से लिखते है –

कवि हर्षदेव माधव प्रकाश की असंख्य अनुभूतियो से हमे तरबतर करते है इसमें कोई शक नही है ।”

**(2) मन्त्रोपनिषद् :**

આ બીજા વિભાગ ‘मन्त्रोपनिषद्’ ને કવિ 'Bilingual mystic Poems' તરીકે ઓળખાવે છે. જેમાં મંત્રની થીમ પર આધારિત 24 મોનોઈમેજ કાવ્યો અને

12 ગુજરાતી મુક્તકો સામેલ છે. 'कालोदस्मि' ની જેમ અહીં પણ પ્રતીકોનું ચિત્રાંકન કવિનું પોતાનું છે. જેને ચિત્ર કવિતા પણ કહી શકાય. 'कालोदस्मि' માં સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી એમ ચતુઃભાષાનો પ્રયોગ હતો જ્યારે અહીં સંસ્કૃત અને ગુજરાતી એમ દ્વિવિધ ભાષામાં કાવ્યો આપેલા છે. અહીં જોવા મળતી પ્રતિકૃતિઓ અજોડ છે, જે પરંપરાથી દૂર છે અને નવા પ્રત્તીકોથી સંયુક્ત છે. 'मन्त्रोपनिषद्' ને હર્ષદેવ માધવનો આધ્યાત્મિક અનુભવ કહી શકાય.(18)

**(16) <u>मनसो नैमिषारण्यम्</u> :**

હર્ષદેવના આ આધુનિક સંસ્કૃત કાવ્યસંગ્રહમાં ત્રણ વિભાગોમાં વિભાજિત કાવ્યો છે. કલ્પન વૈવિધ્યથી ભરેલા આ કાવ્યસંગ્રહમાં 28 આધુનિક કાવ્યો છે. वर्णाः कदाचित् વગેરે 20 કાવ્યો પ્રથમ વિભાગમાં આવે છે. બીજા વિભાગમાં राजकन्या વિષયક સ્તબક કાવ્યો છે અને ત્રીજા વિભાગમાં 22 થી 28 लघुबिम्बकाव्यानि છે. આ કાવ્યોનું સંપાદન ડૉ. નારાયણ દાશે કર્યું છે. ઓરિસ્સામાંથી પ્રકાશિત થયેલી આ કૃતિ ફકત કવિ જ નહી, માનવમાત્રનાં મનનું પ્રતિનિધિત્વ કરે છે. કવિનો નૂતન કલ્પનાવૈભવ આ કૃતિનું પ્રશંસનીય પાસુ છે.

**(17) <u>तव स्पर्शे स्पर्शे</u> :**

ઈ.સ. 2004 માં પ્રકાશિત થયેલા આ કાવ્યસંગ્રહમાં 1970 થી 1990 વચ્ચે કવિને સ્ફૂરેલા કાવ્યો છે. આ સંગ્રહમાં 150 કાવ્યો છે. જેમાં વિષયવૈવિધ્ય રહેલું છે જે આ મુજબ છે.

- અછાંદસ કાવ્યો
- ખંડ કાવ્યો
- ગઝલ કાવ્યો

- **પ્રણય પત્રો**
- **પ્રતિબદ્ધ કાવ્યો** (commited Poems)

**પ્રતિબદ્ધ કાવ્યોમાં દલિત વર્ગની વેદના અને સામ્યવાદની વેદના રજૂ થઈ છે.**

**અહીં કવિએ જુદા–જુદા વિષયો ઉપર ચર્ચા કરી છે. કવિએ** 'सूर्यातपे श्यामा द्युतिः' **કાવ્યસ્તબકમાં દલિત ચેતના વર્ણવી છે. અહીં ઘણા બધા શોષિત લોકો છે જેમને પોતાની વ્યથા, સંવેદનો છે. સરહદ પર લડતા સૈનિકો, ખેડૂત, વૃદ્ધો, ભિખારી, પ્રાણીસંગ્રહાલયમાં કેદ થયેલો સિંહ, આખી જીંદગી ગોળ ગોળ ફરતો ઘાણીનો બળદ, રાત–દિવસ લોકોની સેવા કરતાં પોસ્ટ ઓફિસનાં માણસો વગેરે પાત્રોની સંવેદના અહીં વ્યક્ત થઈ છે.**

'निवेदन' **કાવ્યમાં કવિએ 'યૌવન'. વિશે ખૂબ સરસ માધ્યમથી સમજાવ્યું છે કે – તમે ઉઠો મહેનત પરિશ્રમ કરો, આળસુ ન બનો જ્યારે યુવાની પૂરી થઈ જશે ત્યારે તમને એની કિંમત સમજાશે.** 'दुष्काण' **કાવ્યમાં કવિએ આધુનિક માનવીનું નિરૂપણ કર્યું છે. અત્યારનો માનવી જડ જેવો બની ગયો છે. તે તડકામાં રસ્તાઓ ઉપર વાહનમાં પોતાની ઈચ્છાઓ પૂરી કરવા આમથી તેમ ભટક્યા કરે છે વ્યક્તિએ માનવતાને ભૂલાવી દીધી છે. છેલ્લે કવિ કહે છે કે દુષ્કાળ પણ અમુક સમય સુધી જ રહે છે અને ત્યાંથી કવિ અટકી જઈને પોતાની વાત પૂરી કરે છે.**

'शकुन्तलाया उकितः **કાવ્યમાં કવિએ 'અભિજ્ઞાન શાકુન્તલ'ની નાયિકાની વ્યથાને પ્રગટ કરી છે.**

"आर्यपुत्र !

त्वयाऽहं स्वीकृता सर्वदमनस्य जननीति मत्वा ।

शकुन्तला तु मृता

हस्तिनापुरे प्रत्यारख्यानसमये

शकुन्तला तु दिवं गता ।

त्रिदिवसावसान चतुर्थदिवसप्रभाते ।

अधुना

शकुन्तला मृतकलेवरे

सर्वदमनस्य माता जीवति ... ।"

**'पाणिग्रहणम्' કાવ્યમાં સ્ત્રીઓની સ્થિતિ રજૂ કરી છે.**

"अधुना

अहं ते गृहे

पञ्जरस्था जाता ।

भित्तिलम्बितघटिकायन्त्रसदृशी

मम गतिरस्ति ।

प्रेक्षणीयतां गताऽस्मि

तव महार्हगृहोपकरणवत् ।"

**અહીં કવિ કહેવા માંગે છે કે – લગ્ન પછી સ્ત્રીઓનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ લુપ્ત થઈ જાય છે. તે પોતાની આગવી ઓળખ અને સ્વતંત્રતા ગુમાવી દે છે આમ, પ્રાણિગ્રહણ એ અસ્તિત્વગ્રહણ ન બની જાય એમ કવિ કહે છે. હર્ષદેવ માધવે અહીં શકુન્તલા, અહલ્યા જેવા પાત્રો દ્વારા નારીની મનોવ્યથાનું નિરૂપણ કર્યું છે.**

**આ ઉપરાંત 'सुधुम्नस्य स्वगोकित:' કાવ્યની કથા ભાગવત પુરા પર આધારિત છે. ચંદ્રનો પુત્ર બુધ ઈલા નામની સ્ત્રીને પરણ્યો હતો પરંતુ તે શાપના**

કારણે પુરુષ બની ગઈ હતી. પુરુષ જ્યારે સ્ત્રીના રૂપમાં ફેરવાય છે ત્યારે તેના વિચારો કેવા બદલાય છે તે અહીં વ્યક્ત કરવામાં આવ્યા છે.

હર્ષદેવ પ્રકૃતિપ્રેમી કવિ છે. તે પ્રકૃતિના ભાવોને પાત્રો દ્વારા પ્રગટ કરે છે. 'तव स्मृतिः' કાવ્યમાં કવિએ વરસતા વરસાદમાં પ્રિયતમાની યાદ કેવી રીતે આવે છે તેનું વર્ણન કર્યું છે. 'प्रथमवर्षाः' કાવ્યમાં પ્રથમ વરસાદથી અનુભવાતી પંચમહાભૂતની સ્વન્તિઃ તૃપ્તિની વાત કહી છે. 'अेमेजोन नदी' કાવ્યમાં સુંદર સ્ત્રીના રૂપનું વર્ણન કરાયું છે. પર્વતો, જંગલમાંથી રસ્તો કાઢીને આ નદી કેવી રીતે વહે છે તેની વાત કરી છે. 'पुष्पम्' કાવ્યમાં કવિ કહે છે કે –

"इदं पुष्पं 'जुलियट'

अहं रोमियो ॥"

અંગ્રેજીમાં શેકયપિયરનું Romio & Juliet નાટક જાણીતું છે. કવિ પુષ્પોને જુલિયટ માનીને રોમિયોની જેમ પ્રેમ કરે છે. અહીં સુંદર કલ્પના દ્વારા પ્રકૃતિપ્રેમ નિરૂપાયો છે.

આમ, ડૉ. હર્ષદેવ માધવનો 'તવ સ્પર્શે સ્પર્શે' કાવ્યસંગ્રહ સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત કાવ્યસંગ્રહમાંથી પસંદ કરેલા કાવ્યોનો અનુવાદ છે. આ સંગ્રહમાં અંતિમ ચાર–પાંચ કાવ્યો ભારતીય ભાષા પરિષદનો 'કલ્પવલ્લી' એવોર્ડ પ્રાપ્ત 'મૃગયા' માંથી લેવામાં આવ્યા છે.(19)

**(18) ऋषेः क्षुब्धे चेतसि :**

ઈ.સ. 2004 માં પ્રકાશિત થયેલ આ કૃતિ કવિની પ્રયોગશીલતાનું પ્રતીક છે. હાઈકુ, તાન્કા અને સીજો કાવ્ય જેવા વિદેશી સાહિત્ય પ્રકારો અહીં જોવા મળે છે.

હર્ષદેવના 'हाइकुकाव्यानि' શીર્ષક હેઠળ ચાર સ્તબકોમાં કુલ 567 હાઈકુ કાવ્યો જોવા મળે છે. तान्काकाव्यानि શીર્ષકથી 83 તાન્કા કાવ્યો અને सीजोकाव्यानि શીર્ષકથી 50 સીજો કાવ્યોની રચના કરી છે. આ ઉપરાંત હાઈકુ, તાન્કા, સીજો વિષયક ડૉ. રશ્મિકાન્ત ધ્રુવ, ડૉ. ઈલા ઘોષ, ડૉ. જશવંતી દવેના ચાર લેખો પ્રસ્તુત છે. આ રીતે જાપાની – હાઈકુ, તાન્કા તથા કોરિઅન – સીજો એવા વિદેશી કાવ્યપ્રકારો સંસ્કૃતમાં રચીને હર્ષદેવે સંસ્કૃત કાવ્ય સાહિત્યમાં નવી કાવ્ય પ્રણાલી પાડી છે.

**(19) <u>बुधस्य भिक्षापात्रे</u> :**

'બુદ્ધના ભિક્ષાપાત્રમાં ડૂબેલું અણુબોંબથી બળેલું નગર' એ લઘુકલ્પનમાં બુદ્ધનું પાત્ર શાંતિનું પ્રતીક છે. અણુબોંબથી બળેલાં આ જગતને બુદ્ધની શાંતિ જ બચાવી શકશે. આધુનિક વિશ્વ બુદ્ધને તેનાં ભિક્ષાપાત્રમાં શું માત્ર યુદ્ધનાં અવશેષો જ આપશે ? માનવજાત બુદ્ધને પ્રેમ નહી આપી શકે ? આવા ઘણા ગર્ભિતાર્થો કવિએ અહીં નિરૂપ્યા છે.

'क्षेत्रम्' કાવ્યમાં કવિ કહે છે કે –

"अहं
मा कर्षामि ।
शस्यरूपेण
तव हरितिमा मयि प्ररोहतु ॥"

'भित्तिः' એટલે કે 'દીવાલ' કાવ્યમાં હર્ષદેવ માધવ કહે છે કે દરેક મનુષ્ય એ પોતાના મનમાં એક દીવાલ ઊભી કરી છે જેને ઓળંગીને તે આગળ વધી શકતો નથી અને આ અહમ્ રૂપી દીવાલના કારણે જ તે ધીમે–ધીમે મડદા જેવો થઈ જાય છે.

આ ઉપરાંત 'कृषीबल' કાવ્યમાં કવિ ખેડૂતનાં જીવન વિશે નોંધ છે કે –

"किशान

अपना भाग्य जोता है

किंतु

दुर्भाग्य उगता है ।"

અહીં કહેવાયું છે કે ખેડૂત ખેતરમાં પોતાનું ભાગ્ય વાવે છે પરંતુ દુર્ભાગ્યને પામે છે. ખેડૂત મહેનત કરે છે પરંતુ તે પ્રમાણેનું તેને ફળ મળતું નથી અને તેથી તે નિરાશ થઈ જાય છે.

કવિના જુદા–જુદા કાવ્યો જેવા કે – धारावाहिनी, पिपीलिका, त्वम्, शयनकक्षः कवचम्, ईश्वरः, कारगिलम्, अयोध्या, भूकम्पः, गुरूपनिषद વગેરેમાં કવિનું વિષય વસ્તુનું વૈવિધ્ય જોવા મળે છે.

**(20) <u>भाति मे भारतम्</u> :**

ઈ.સ. 2007 માં પ્રકાશિત થયેલ આ કાવ્યસંગ્રહ કવિની રાષ્ટ્રભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે.

**(21) <u>स्पर्शलज्जाकोमला स्तुति</u> :**

2007 માં પ્રકાશિત આ સંગ્રહમાં 'ગુરૂપનિષદ' નામના ઉપનિષદનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

તેમજ હર્ષદેવ માધવના 'व्रणो रूढग्रन्थि' કાવ્ય સંગ્રહને અખિલ ભારતીય કાલિદાસ એવોર્ડ પ્રાપ્ત થયો છે. 'तथास्तु', 'वासकसज्जा ज्योत्स्ना' અને 'पिपीलिका विपणीं गच्छति' (બાળકાવ્યસંગ્રહ) કવિના કાવ્યસંગ્રહો છે.

**<u>ઉપસંહાર</u> :**

ડૉ. હર્ષદેવ માધવ પરંપરામાં વિશ્વાસ ધરાવતા નથી. એમની વિચારસરણી સર્વથા નવીન છે. વિશ્વસાહિત્યના આધુનિકતાવાદી લક્ષણોનો પ્રયોગ તેમણે પોતાના કાવ્યોમાં કર્યો છે. અહીં પંચમહાકાવ્યો, જયદેવ કે જગન્નાથ જેવી વિસ્તૃત રચના નથી કવિને જે કહેવું છે તે વર્તમાનનું યથાતથા આલેખન કરે છે. ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠી કવિની શૈલી વિશે લખે છે કે –

"कवेरस्य रचनाविश्वमद्‌भूतं नवीनोथमानां नवभावनां

नूतनाभिप्रायाणां च विन्यसस्यभिव्यक्तेश्च क्षमता

सर्वथादभिनवां विच्छित्तिं संस्कृत काव्ये आविर्भावपति ।"

યાંત્રિક જીવનમાં ગૂંચવાતા અને ખોવાતા માનવની વાત કહેતા પાશ્ચાત્ય કવિ બોદલેર કરતાં હર્ષદેવ અલગ છે. બંને કવિઓના કાવ્યનો ઉદ્દેશ એક જ છે, માનવ જીવનની મુશ્કેલીઓ, યાંત્રિક જીવનમાં ગૂંચવાતા અને ખોવાતા માનવની વાતો પરંતુ માનવ હોવાથી સહજતાનો સ્વીકાર 'મૃગયા' નો કવિ (હર્ષદેવ માધવ) કરે છે. પરિણામે તે હતાશ થાય છે કે પ્રેમના વંટોળમાં વહી જાય છે.

કવિ હર્ષદેવ માધવે એકબિંબિષ કાવ્યધારાને સંસ્કૃત સાહિત્યક્ષેત્રે અપનાવીને એક નવો વળાંક આપ્યો છે. આજના યુગમાં બદલાયેલા સાહિત્યિક' પરિવેશમાં સમય અને સમાજ સાથે સંસ્કૃતભાષાની સંગતિ કરાવવા માટેનો આ નવો આયામ છે જે સમકાલીન સાહિત્ય માટે પ્રેરક બળ પુરૂ પાડે છે. સંસ્કૃત ભાષા આજ પર્યંત જ્યાં સુધી પહોંચી શકી નથી ત્યાં સુધી પહોંચવા માટે હર્ષદેવ માધવનો આ નૂતન અભિગમ છે. ડૉ. ઈલા ઘોષના મતે –

‘दर्शन और विज्ञान सत्य की खोज करते है, कलापे सौदर्य की और धर्म शिव तत्व की अन्वेषण है, किंतु हर्षदेव माधव का साहित्य – सत्य, सुन्दर और शिव तीनो को ही स्थापित करता है । निश्चित ही यह साहित्य भारतीय प्रज्ञा और देवीवाक् को विश्व–फलक पर प्रतिष्ठित करता है ।

# પ્રકરણ – 3, પાદટીપ

1. આધુનિક સંસ્કૃત કાવ્યસમીક્ષા, પૃ. 7.
2. નાણાવટી રાજેન્દ્રઃ સ્વાતંત્ર્યોત્તર લલિત સંસ્કૃત વાઙમયઃ ગુજરાતનું પ્રદાન, સ્વાધ્યાય, પુસ્તક–26, અંક : 3-4, અક્ષય તૃતીયા, જન્માષ્ટમી, વિ.સં. 2045, પૃ. 212-215.
3. જોશી ડૉ. એમ.વી. : અલકનન્દા, આધુનિક સંસ્કૃત કવિતાનું રમણીય પરોઢ, ખેવના, જુલાઈ–ઓગષ્ટ, 1993, પૃ. 22.
4. त्रिपाठी डॉ. राधावल्लभः दूर्वा – 26, પૃ. 78-79.
5. गुप्ता डॉ. ओमप्रकाशः मृगया, आधुनिकता की अर्थपूर्ण अभिव्यक्ति की कविता, પૃ. 21-22
6. ત્રિવેદી પ્રા. રીતાઃ આધુનિક ભાવબોધની સંસ્કૃત કવિતા : मृगया, पार्श्व पब्लिकेशन, અમદાવાદ, 1999, આવરણ પૃ. 2.
7. દવે જશવંતીઃ लावारसदिग्धाः स्वप्नमयाः पर्वताः डॉ हर्षदेवोः माधवः संस्कृत सेवा समिति, अहमदाबाद, 1996, आवरण પૃ. 2
8. નાણાવટી, ડૉ. રાજેન્દ્રઃ स्वातंत्र्योत्तर ललित संस्कृत्त वाङ्मयः गुजरात का प्रदान, પૃ. 35.
9. जानी गिरिशः मानवीय संवेदनानां गायकः कविः संविद्, 15 अगस्त, 1998, પૃ. 76-79.

10. **પઢિયાર દલપત (મહામાત્ર):** पुरा यत्र स्त्रोतः, डॉ. हर्षदेवो माधवः, संस्कृत साहित्य अकादमी, पुराणविधान सभागृहम्, गान्धीनगरम्, Dec. 1998, **પ્ર.અં. પ્રકાશકીય પૃષ્ઠ**

11. झा गोविन्द**:** दृक्, **પૃ.** 15-16

12. Chatlopadhyaya Dr. Jayshri: (Calcutta) : 'The lyrical gem' mityasatakqo' P. 88

13. **ઠાકોર, ડૉ. જશવંતીઃ** कालोडस्मिः। **કાવ્યના સ્વરૂપો,** आधुनिक संस्कृत में अर्थपूर्ण अभिव्यक्ति की कविता, **પૃ.** 14.

14. गुप्ता ओमप्रकाश**:** गुर्जखीणा, अहमदाबाद, दिसम्बर, **પૃ.** 25

15. देवहूमा**:** 'सुषुम्णायां निमग्ना नौका' सर्गशक्ति का नया उन्मेष, भावस्थिराणि गनान्तर सौहदानि, **પૃ.** 146

16. **ખાંડવાલા પ્રા. રવીન્દ્રઃ** सुषुम्णायां निमग्ना नौका, डॉ. हर्षदेवो माधवः, संस्कृत सेवा समिति, अहमदाबाद, 1999, **પૃ.** 6-7

17. मिश्र अजयकुमार**:** भावस्थिराणि जनान्तरसौह्रदानि समग्रता लाने के भरसक प्रयास, आधुनिक संस्कृत में अर्थपूर्ण अभिव्यकित की कविता, **પૃ.** 13.

18. पराम्बा श्री योगमाया**: सुधासिन्धोर्मध्ये** – एकमाकलनम्, दृक् x, **પૃ.** 109

19. त्रिपाठी डॉ. राधावल्लभ : दृक् IX, **પૃ.** 103